**<u>વર્ષ ૨૦૨૧-૨૨ નવી બાબત</u>**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં સ્માર્ટ ક્લાસ શરૂ કરવા માટેની રૂ. ૪૮૦.૬૦ લાખની નવી બાબત

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: ઇએમઆર/ ૧૦૨૦૨૧/ન.બા.૧૭/પી**

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૮/૧૦/૨૦૨૧

<u>વંચાણે લીધા</u> :-

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા. ૦૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૨૦/૬૫૦૮

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા. ૨૮/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૨૧/૩૩૪૪/૬૯૩૫

(૩) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા. ૨૪/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૨૧/૩૩૪૪/૬૯૩૫

<u>પ્રસ્તાવના:</u>

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં સ્માર્ટ ક્લાસ શરૂ કરવા માટેની રૂ. ૪૮૦.૬૦ લાખ(રૂપિયા ચાર કરોડ એંશી લાખ સાઇઠ હજાર પૂરા)ની નવી બાબતને વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં સ્માર્ટ ક્લાસ શરૂ કરવા માટેની નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. રૂ. ૪૮૦.૬૦ લાખ(રૂપિયા ચાર કરોડ એંશી લાખ સાઇઠ હજાર પૂરા)ની જોગવાઇને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨૨૦ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૧૯૯૪ના પરીપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૧૯૯૬ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧ તા.૦૯/૦૯/૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃત્તિઓ પૈકી જે પ્રવૃત્તિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઇન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૩) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃન એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ (જી.ઈ.એમ) પોર્ટલ પરથી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬-આયોજન, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર:૮૯-વીકેવાય-૨૩૦ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૬/૧૦/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઇ ઠક્કર)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.